# ઋણ સ્વીકાર

# ઋણ સ્વીકાર
## Acknowledgments

મારી આ લોકયાત્રામાં મને સતત માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડનાર માર્ગદર્શક એવા ડૉ. અશ્વિનીકુમાર સિંઘનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. તેઓશ્રી મને આ સંશોધનમાં પ્રોત્સાહિક કરતા રહ્યા છે. તેમના માર્ગદર્શન અને હિંમતના કારણે જ આ સંશોધન હું પૂર્ણ કરી શક્યો છું. હું તેમને દિલથી આભાર માનું છું.

મારા આ સંશોધનના પ્રારંભથી મને હંમેશા મને પ્રેરણા પૂરી પાડનાર ગુણીજન એવા શ્રી ડૉ. રાજેશ કેલકર, ડીન, ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સ, અધ્યક્ષ, ડીપાર્ટમેન્ટ ઓફ મ્યુઝિક, એમ.એસ. યુનિવર્સિટી, બરોડાનો પણ હું હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર માનું છું. સાથે સાથે તબલા વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ભાવસારનો પણ આ પ્રસંગે ખૂબ ખૂબ આભાર માનું છું.

ડૉ. ગિરીશભાઈ ઠાકર, પૂર્વ કુલપતિશ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો પણ ખૂબ ખૂબ આભાર પ્રગટ કરું છું કે જેઓએ મને સંશોધન પ્રસ્તાવથી લઈને સંશોધન પૂર્ણ થાય ત્યાં સુધીની મંજીલમાં હંમેશા મારી સાથે રહ્યા છે. તેમના માર્ગદર્શનથી જ હું આ કામ પૂર્ણ કરી શક્યો છું. આ ઉપરાંત મને સલાહ-સૂચન આપનાર વડીલશ્રી ડૉ. નરેન્દ્રભાઈ મહર્ષિ (ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ), ડૉ. ભરતભાઈ સોલંકી (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, પી.કે. કોટાવાલા આર્ટસ કૉલેજ, પાટણ), ડૉ. અમૃતભાઈ પટેલ (આચાર્યશ્રી, ડી.એન.પી. આર્ટ્સ કૉલેજ, ડીસા), મારા મોટાભાઈ ડૉ. સંકેત પારેખ (ગુજરાતી વિભાગ, ડી.એન.પી. આર્ટ્સ કૉલેજ, ડીસા), શ્રી નિસર્ગભાઈ ત્રિવેદી (ભવાઇ દિગ્દર્શક, અમદાવાદ), શ્રી નવઘણસિંહ વાઘેલા (હારીજ), ડૉ. ઋષિકેશભાઈ રાવલ (ગુજરાતી વિભાગ, જી.ડી.મોદી આર્ટ્સ કૉલેજ, પાલનપુર), શ્રી ચિરાગદાન ગઢવી, શ્રી મનોજભાઈ નાયક, શ્રી હિમાંશુભાઈ ચૌધરી, શ્રી રવિભાઈ બારોટ, શ્રી મેઘનાબેન નાયક વગેરેનો આભાર માનું છું.

એમ.એ. પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુરના આચાર્ય એવા ડૉ. રમેશભાઈ પટેલનો પણ આ તબક્કે ખૂબ ખૂબ આભાર માનું છું, કે જેમણે મને મારા સંશોધન કાર્ય માટે બહાર જવા-આવવા માટે મંજૂરી આપીને મને હંમેશા સહકાર આપ્યો છે.

આ ઉપરાંત મને જરૂરી ગ્રંથો, પુસ્તકો અને સાહિત્ય પૂરુ પાડનાર ડૉ. વલ્લરીબેન હાથી (ગ્રંથપાલ, શ્રી પી.કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ), શ્રી વર્ષાબેન ઠાકર (ગ્રંથપાલ, જી.ડી. મોદી વિદ્યાસંકુલ, પાલનપુર), ડૉ. કનકબાળા જાની (ગ્રંથપાલ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ), ગ્રંથપાલ, ગૂજરાત વિદ્યાપીઠ સેન્ટ્રલ લાઈબ્રેરી, અમદાવાદ, શ્રી હેતલબેન (ગ્રંથપાલ, ડી.એન.પી. આર્ટ્સ કૉલેજ, ડીસા), ગ્રંથપાલ, સરકારી પુસ્તકાલય, પાટણ જિલ્લો વગેરેનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું.

હું મારા સ્વર્ગીય પિતા શ્રી ડૉ. તૃષિત પારેખનું ઋણ ક્યારેય ભૂલી શકીશ નહીં. તેમની પ્રેરણા મારા જીવનમાં ખૂબ મહત્ત્વની રહી છે, તેમની પ્રેરણા અને સ્વપ્નથી જ આ કાર્ય હું પૂર્ણ કરી શક્યો, એ મારું સદ્ભાગ્ય છે. મારી સ્વર્ગીય માતાશ્રી સ્વ. હસુમતિબેન પારેખ, પ્રિય પત્ની પલક પારેખ અને પુત્ર પ્રકર્ષના સાથ-સહકારથી જ આ સંશોધન પૂર્ણ કરવું શક્ય બની શક્યું છે. મારા આ કાર્યને કમ્પ્યૂટર મુદ્રક કરી આપનાર મિત્ર શ્રી મુસેબભાઈ શેખનો પણ દિલથી આભાર માનું છું. છેલ્લે મારા આ સંશોધનમાં મને નાનો-મોટો સહકાર આપનાર નામી-અનામી મિત્રો-વડીલો-સ્નેહીઓનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.

**સમ્યક પારેખ**